GJAR020041752025

**મળ્યા તારીખ – ૨૯/૦૯/૨૦૨૫**
**નોંધ્યા તારીખ– ૨૯/૦૯/૨૦૨૫**
**ફેંસલ તારીખ – ૦૮/૦૮/૨૦૨૬**
**સમયગાળો – વર્ષ –માસ –દિવસ**
**– –**

**મોડાસાના મે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મોડાસા.**

---

**ક્રિમીનલ કેસ નંબર–૨૯૮૭/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપીઓ** : (૧) જગદીશભાઈ ઉર્ફે છોટીયો જયંતીભાઈ અસારી,ઉ.વ.૨૯
રહે. હિંમતપુર તા.ભિલોડા જી.અરવલ્લી
(૨) ભાવેશભાઈ ચંદુભાઈ ગામેતી,ઉ.વ.૨૪
રહે.વાંદીયોલ તા.ભિલોડા જી.અરવલ્લી

**ગુન્હો:–** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એઈ,૮૧ મુજબ..
ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી ધ્વારા એસ.એસ.દેસાઈ.
આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી વી.એ.પરમાર.

**// ઠરાવ //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના

આરોપીએ તા.૦૫–૦૨–૨૦૨૫ ના રોજ કલાક : ૧૧.૦૦ વાગે મોજે મોડાસા બાય પાસ રોડ ઉપર રેલ્વે ફાટક પાસે આ કામના કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.(૧)(૨) નાઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની મારૂતી ઈકો કાર નંબર જી.જે.૦૧ ડબલ્યુ એ ૨૨૮૧ ની માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટની જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની છુટી બોટલો નંગ–૧૩૭ જેની કિં.રૂા.૩૮,૦૪૪/– નો પ્રોહી મુદ્દામાલ તથા ઈકકો ગાડી ની કિં.રૂા. ૩,૦૦,૦૦૦/–ની મળી કુલ મુદ્દામાલ કિં.રૂા.૩,૩૮,૦૪૪/– નો મુદ્દામાલ કો.નં.૨ માં જણાવેલ આરોપી પાસેથી ભરી લઈ આવી પોલીસની નાકાબંધી જોઈ ઈકો ગાડી મુકી ભાગી જઈ તપાસ દરમ્યાન મળી આવી ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ મોડાસા ટાઉન પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં, ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એઈ,૮૧ મુજબના ગુન્હો કર્યા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલત માં રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતાં આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો આપવામાં આવી. ત્યારબાદ ગુન્હા સંબંધી આંક: ૦૬ થી આરોપી સામે તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી, સમજાવી આંક:૦૭ તથા આંક:૦૮ હેઠળ નિવેદન લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવે છે.

**મૌખિક પુરાવો.**

(૧) આંક : ૦૯ પંચ અક્ષયકુમાર અરવિંદભાઈ પરમારની જુબાની

(૨) આંક : ૧૧ ફરીયાદી હાર્દિકકુમાર અરવિંદભાઈની જુબાની

(૩) આંક : ૧૯ ત.ક.અ.રાજેશકુમાર સોમાભાઈની જુબાની

**દસ્તાવેજી પુરાવો.**

(૧) આંક: ૧૦ મુદ્દામાલ રીકવરી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ

(૨) આંક: ૧૨ ફરીયાદની ખરી નકલ

(૩) આંક: ૧૫ સા.નં.૨ નો મરણનો દાખલો રજુ

(૪) આંક: ૨૦ સુચીપત્ર

(૫) આંક: ૨૧ e GujCop

(૬) આંક: ૨૨ રવાનગીપત્રક

(૭) આંક: ૨૩ આર.ટી.ઓ.રજીસ્ટર વ્હીકલ ડીટેઈલ્સ રજુ

**(૪)** ફરીયાદ પક્ષ તરફનો પુરાવો પુરો થયેલાનુ જણાતાં આ કામે આરોપીનુ ક્રિ .પ્રો. કોડની કલમ: ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધમાં પડેલ પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે તેવું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

**(૫)** ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૦૫-૦૨-૨૦૨૫ ના રોજ કલાક : ૧૧.૦૦ વાગે મોજે મોડાસા બાય પાસ રોડ ઉપર રેલ્વે ફાટક પાસે આ કામના કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.(૧)(૨)

નાઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની મારૂતી  ઈકો કાર નંબર જી.જે.૦૧ ડબલ્યુ એ ૨૨૮૧ ની માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટની જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની છુટી બોટલો નં ગ–૧૩૭ જેની કિં.રૂા.૩૮,૦૪૪/– નો પ્રોહી મુદ્દામાલ તથા ઈકકો ગાડી ની કિં.રૂા. ૩,૦૦,૦૦૦/–ની મળી કુલ મુદ્દ ામાલ કિં.રૂા.૩,૩૮,૦૪૪/– નો મુદ્દામાલ કો.નં.૨ માં જણાવેલ આરોપી પાસેથી ભરી લઈ આવી પોલીસની નાકાબંધી જોઈ ઈકો ગાડી મુકી ભાગી જઈ તપાસ દરમ્યાન મળી આવી ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ મોડાસા ટાઉન પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં, ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એઈ,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો, અવલોકનો, અને તારણો નીચે મુજબ છે.

## –: કા ર ણો :–

મુદ્દા નં. ૧:–

**(૮)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર માટે આંક: ૧૧ થી ફરીયાદી હાર્દિકકુમાર અરવિંદભાઈ,અ.પો.કો.ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં પુરાવો આપી આંક:૧૨ થી ફરીયાદ રજુ કરેલ છે. સદર પોલીસ સાહેદ/ફરીયાદીએ પોતાની સરતપાસમાં આંક:૧૨ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેઓના પુરાવા મુજબ તેઓ

સને ૨૦૨૫ના વર્ષમા તેઓ અપો.કો.તરીકે એલ.સી.બી.શાખા અરવલ્લી ખાતે ફરજ બજાવતો હતો તે વખતે તા.૫/૨/૨૫ના રોજ તેઓ તથા અ.પો.કો. પ્રવિણભાઈ રમણભાઈ ,અ.હેકો.રાજેશભાઈ સોમાભાઈનાઓ ટાઉન પો.સ્ટે.વિસ્તારમા વાહન ચેકીંગમા હોય એક સફેદ કલરની ઈકો ગાડી કે જેનો રજી. નં. જી જે ૧ ડબલ્યુ એ ૨૨૮૧ નો ચાલક શંકાસ્પદ હોય તેને ગાડી ઉભી રાખવાનુ કહેતા તેને ગાડી ઉભી રાખેલ નહી અને તેનો ચાલક ખેતરોમા જઈ નાસી ગયેલ. જે અંગેનુ પંચનામુ કરવા નજીકમાંથી બે પંચના માણસો બોલાવી તેઓએ સ્વખુશી બતાવેલ અને મોડાસા બાયપાસ રેલ્વે ફાટક પાસે આવેલ રોડ પર એક ઈકો ગાડી ઉભેલ હોય જેનો રજી. નં. જોતા ઉપરોકત મુજબનો જણાવી આવેલ. જે ઈકો ગાડીના દરવાજા તથા બોનેટ ખુલી જોતા બોનેટમાથી જુદા જુદા કુલ પાંચ બ્રાન્ડની વિદેશી દારૂની છુટી બોટલો નંગ ૧૩૭ કિ.રૂ. ૩૮૦૪૪ /– વગર પાસ પરમીટનો મળી આવેલ.જે પૈકી એક એક બોટલ સેમ્પલ તપાસણી સારુ કાઢી લઈ વિગતવારનુ પંચનામુ મારી સાથેના રાજેશભાઈ સોમાભાઈનાઓએ લખી લીધેલુ અને અમોએ તેઓની રૂબરૂ કાયદેસર થવા ફરીયાદ આપેલ. જે અસલ ફરીયાદ તેમને બતાવવામા આવે છે જેમા તેમની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દા.આંક–૧૨ આવે છે. સદર કામના આરોપીને જોયેથી ઓળખી બતાવે છે. જેને બચાવપક્ષે ગેરહાજરીનો રીપોર્ટ આપી તેની ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેમને વર્ષના અમુક કેસો બતાવવાના હોય છે.એ હકીકતોતો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

વધુમાંત.ક.અમલદાર રાજેશકુમાર સોમાભાઈ,અ.હે.કો. ની આંક–૧૯ થી જુબાની થયેલ છે, તેઓના પુરાવા મુજબ સને ૨૦૨૫ના વર્ષમા તેઓ અ.હે.કો.તરીકે એલ.સી.બી.શાખા અરવલ્લી ખાતે ફરજ બજાવતો હતો. તે વખતે તા.૫/૨/૨૫ ના રોજ તેઓ તથા અ.પો.કો. પ્રવિણભાઈ રમણભાઈ ,તથા

અ.પ.કો.હાર્દીક કુમાર અરવીંદભાઈ નાઓ ટાઉન પો.સ્ટે.વિસ્તારમા રેલ્વે ફાટક મુકામે વાહન ચેકીંગમા હોય એક સફેદ કલરની ઈકો ગાડી કે જેનો રજી. નં. જી જે ૧ ડબલ્યુ એ ૨૨૮૧ નો ચાલક શંકાસ્પદ હોય તેને ગાડી ઉભી રાખવાનુ કહેતા તેને ગાડી ઉભી રાખેલ નહી અને તેનો ચાલક ખેતરોમા જઈ નાસી ગયેલ. જે અં ગેનુ પંચનામુ કરવા નજીકમાંથી બે પંચના માણસો બોલાવી તેઓએ સ્વખુશી બતાવેલ અને મોડાસા બાયપાસ રેલ્વે ફાટક પાસે આવેલ રોડ પર એક ઈકો ગાડી ઉભેલ હોય જેનો રજી. નં. જોતા ઉપરોકત મુજબનો જણાવી આવેલ. જે ઈકો ગાડીના દરવાજા તથા બોનેટ ખુલી જોતા બોનેટમાથી જુદા જુદા કુલ પાંચ બ્ર ાન્ડની વિદેશી દારૂની છુટી બોટલો નંગ ૧૩૭ કિ.રૂ. ૩૮૦૪૪ /- વગર પાસ પરમીટનો મળી આવેલ. જે પૈકી એક એક બોટલ સેમ્પલ તપાસણી સારુ કાઢ ી લઈ વિગતવારનુ પંચનામુ મારી રૂબરૂ માં કલાક ૧૦.૦૦ થી ૧૧ .૦૦ સુધીનુ લખી લીધેલુ. મને આંક -૧૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં રૂબરૂ તરીકે તેમની સહી છે. જેને તેઓ ઓળખી બતાવુ છું.

સદર બનાવ અંગે અ.પ.કો. હાર્દિક કુમાર અરવીંદભાઈ નાઓએ તેમની રૂબરૂમાં ફરીયાદ આપેલ. મને આંક-૧૨ વાળી ફરીયાદ બતાવવામાં આવેછે. જેમાં રૂબરૂ તરીકે તેમની સહી છે. જેને તેઓ ઓળખી બતાવે છે.

ત્યાર બાદ સદર ગુન્હો મો.ટા. પો. ।।। ગુ.ર.નં.૧૩૫/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ ૬૫ એ,ઈ , ૮૧ મુજબનો ગુન્હો રજીસ્ટર થઈ સદર ગુન્હાની તપાસ અ.હે.કો. હરેશભાઈ કાન્તીભાઈનાઓને સોપેલ. જે અંગેનું અસલ સુચીપત્ર તેમને બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક-૨૦ આપવામા આવે છે. અ.હે.કો. હરેશભાઈ કાન્તીભાઈ નાઓ એ ઈ.ગુજકોપ એપ મારફતે ગુન્હામાં સં ડોવાયેલ ઈકો ગાડી નં. જી.જે.૦૧ડબલ્યુ.એ ૨૨૮૧ ની માહીતી મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમને તેને પ્રિન્ટ બતાવવામાં આવે છે. જેને રજુ દાખલ આંક :૨૧ આપવામાં આવે છે. ત્યાર બાદ અ.હે.કો. હરેશભાઈ કાન્તીભાઈ નાઓએ સાહેદ નં. ૪ નું નિવેદન નોધેલ અને કબજે લીધેલ મુદદમાલ સ

ેમ્પલને એફ.એસ.એલ. કચેરી અમદાવાદ મુકામે મોકલી આપવાની કાર્યવાહી કરેલ. જે અંગેનું અસલ રવાનગી પત્રક મને બતાવવામાં આવે છે. જેમાં અ.હે.કો. હરેશભાઈ કાન્તીભાઈના ઓની સહી છે. જેને હું ઓળખી બતાવું છું જે રજુ આંક :૨૧ આપવામાં આવે છે.

ત્યાર બાદ આગળની તપાસ તેઓને સોપતાં અમોએ આર.ટી.ઓ. કચેરી મોડાસા મુકામે થી ગુન્હામાં સંડોવાયેલ ઈકો ગાડી નં. જી.જે.૦૧ ડબલ્યુ.એ ૨૨૮૧ ની માહીતી મેળવેલ. જે અંગેના રજીસ્ટર વ્હીકલ ડીટેઈલ્સની નકલ મને બતાવવામાં આવે છે. જેને તેમને તપાસના કામે મેળવેલ તેજ છે. જેને રજુ દાખલ આંક:૨૩ આપવામાં આવે છે. સદર માહીતી મુજબ ઈકો ગાડના માલીક અસારી સંજેશભાઈ જયંતીભાઈ , હિંમતપુર , વાઘપુર , તા. મેઘરજ ના હોવાનું માલુમ પડેલ. જેથી તેઓની પુછપરછ અમોએ કરતા હાલના બન્ને આઅરોપીઓના નામ તપાસના કામે ખુલેલ. ત્યાર બાદ તારીખ.૧૯/૬/૨૫ ના રોજ બંન્ને આરોપીઓની અટક કરી, તા.૨૦/૬/૨૫ના રોજ બન્ને આરોપીઓને સમય મર્યાદામાં નામ. કોર્ટમાં રજુ કરી , પો.સ.ઈ. વી.જે.તોમર સાહેબ મારફતે રીમાન્ડની માગણી કરતા, રીમાન્ડ અરજી ના મંજુર થયેલ. બન્ને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરકેલું . બન્ને આરોપીઓને હુ ઓળખુ છું. જેમાંથી આરોપી નં.૨ નાઓ નામ. કોર્ટમાં હાજર છે. જેન હું ઓળખી બતાવું છું. આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ને આરોપી નં.૧ ની ઓળખ અંગે તકરાર નથી.

આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીઓ સ્થળ પરથી મળી આવેલ નથી. તેમજ ઈકો ગાડીના માલીકને સાહેદ તરીકે દર્શાવેલ નથી.તેમજ તપાસના કામે તેઓએ કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. તેમજ વાહન ચેકીંગમાં હતા તે જગ્યાએ ઘણા બધા વાહનોની અવર જવર હતી.એ હકીકતોતો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૯) ફરીયાદ પક્ષે આંક : ૦૯ થી પંચ સાહેદ પરમાર અક્ષયકુમાર અરવિંદભાઈને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે આજથી દસ માસ અગાઉ પોલીસે તેમને એલ.સી.બી.ઓફીસે બોલાવી સહી કરવાનું કહેતાં તેમને એક તૈયાર પંચનામામાં સહી કરેલી.તે સિવાય પંચનામાની વિગતો અંગે કોઈ જાત માહીતી નથી. ફકત આંક : ૧૦ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદર પંચ સાહેદએ પંચનામાની કોઈ કાર્યવાહીને સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદો જાહેર કરી , ઉલટ તપાસ લીધેલ છે જેમાં પણ તેઓએ પંચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. આ પંચ સાહેદએ બચાવ પક્ષની ઉલટ તપાસમાં પણ પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજું કંઈ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે.આમ, સદર પંચ સાહેદએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ, આ પંચ સાહેદના પુરાવાથી આંક : ૧૦ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. જેથી આ કામે આંક-૧૦ નું મુ.મા.રીકવર કર્યાનું પંચનામું પુરવાર થયેલું નથી. આજ પંચનામાના બીજા પંચ સાાહેદ મરણ ગયેલ હોઈ ફરીયાદ ણક્ષ તેમને તપાસી શકેલ નથી.

(૧૨) આમ, આ કામે પડેલ ઉપરોકત ફરીયાદ પક્ષના સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મૂલ્યાંકન કરતાં આ કામે તપાસેલ સાહેદ ફરીયાદીએ તેઓની આંક: ૧૧ ની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદને સમર્થનકારી પુરાવો આપી આંક : ૧૨ થી ફરીયાદ રજુ કરેલ છે તેમજ તપાસ કરનાર અમલદારે પોતે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે. પરંતુ, ચાર્જશીટ જોતાં તેઓએ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી તેમજ આ કામે સદર મુદ્દામાલ એફ.એસ.એલ. માં તપાસણી માટે મોકલી આપેલ હોય તે અંગેનો રીપોર્ટ રજુ

કરવાની જવાબદારી તપાસ કરનાર અમલદારની હોવા છતાં તેઓએ આ કામે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી. આમ,જયારે આ કામે ફરીયાદી તેમજ ત.ક.અમલદારની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન સાંપડતુ નથી. ત્યારે આ કામે માત્ર બે પોલીસ સાહેદો કે જે આ કામના ફરીયાદી તથા ત.ક.અમલદાર છે તેમના પુરાવા ઉપર આધાર રાખવાનું ન્યાયોચિત જણાતું નથી. જેથી ફરીયાદ પક્ષ આ કામના આરોપી સામેનું ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એઈ,૮૧ મુજબ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ અંગેનો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::

**(૧)** આ કામના આરોપીઓ : (૧) જગદીશભાઈ ઉર્ફે છોટીયો જયંતીભાઈ અસારી, (૨) ભાવેશભાઈ ચંદુભાઈ ગામેતી, નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એઈ,૮૧ મુજબના ગુન્હા માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ પાવતી નં. ૫૬/૨૦૨૫ થી કબજે લીધેલ મુદ્દામાલ ઈકો કાર નંબર જી.જે.૦૧ ડબલ્યુ એ ૨૨૮૧ અંગે અપીલ સમય વિત્યેથી તેના મુળ માલીકની ખરાઈ કરી, તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૬ (સુરભી શર્મા)
મુ.મોડાસા અધિક જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.
એ.એન.પી.. કોડનં.જી.જે.૦૧૫૭૧